# આર જી - એસ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં શિક્ષક દિવસની ઉત્સાહી ઉજવણી કરાઈ



શ્રીમતી આર જી પટેલ કન્યા શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩ ખાતે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. ૧૪૪ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને એક દિવસનું શિક્ષણકાર્ય ઉપાડી લીધું હતું. શિક્ષકો દ્વારા તેમને આ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### સહજાનંદ સ્કૂલ ઑફ એચિવરમાં શિક્ષક દિવસની ઉત્સાહી ઉજવણી

# શિક્ષકો દ્વારા રેમ્પ વૉકનું આકર્ષક નિદર્શન



ગાંધીનગર, તા. ૫

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર, ચિલોડા ખાતે શિક્ષક દિવસની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાના આચાર્યશ્રી અને અમારા મેનેજિંગ ડિરેક્ટર પ્રભુદાસભાઈ પટેલે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ અલગ-અલગ વેશભૂષામાં તૈયાર થઈને આવ્યા હતા. શિક્ષકો પણ વેશભૂષામાં જોડી બનાવીને આવ્યા હતા. બાળકોએ તિલક કરીને શિક્ષકોનું અભિવાદન કર્યું હતું તેની સામે શિક્ષકોએ ભેટ આપીને તેમનું અભિવાદન ઝીલ્યું હતું.

વેશભૂષા જોડી બનાવીને આવેલા આમારા શિક્ષકોએ મ્યુઝીક સાથે રેમ્પ વોક કર્યું હતું. જજ તરીકે સ્કૂલના વિદ્યાર્થીઓને બેસાડાયા હતા, જે બદલ શાળાના આચાર્ય અને મેનેજિંગ ડિરેક્ટરે બાળકા પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# જન્મદિને વધામણી



મનીષા મનીષ ખત્રી
વૃંદા ડ્રેસીસ, ગાંધીનગર
મો. ૯૮૨૪૪ ૪૦૬૩૨



અનિલકુમાર કાંતિલાલ નાયી
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# કુડાસણની સ્કૂલ ઑફ અચિવર દ્વારા શિક્ષકદિનની ઉજવણી



સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ ખાતે શિક્ષકદિનની ઉજવણી સરાહનીય સ્વરૂપમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં શિક્ષકની કાર્યદક્ષતા અને દૃઢ સંકલ્પના ઉદ્ભવે અને તેઓ સન્માન સાથે જીવનરૂપી કેડીને કંડારવાની મહત્તા સમજે તે હેતુસર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૧થી ૧૦ (બંને માધ્યમ)ના શિક્ષક બનેલા વિદ્યાર્થીઓના નિદર્શિત અનુભવો આ કાર્યક્રમની ફલશ્રુતિ બન્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહી અને સ્વયંશિસ્તમાં જોવા મળ્યા હતા. ઉજવણીના આ કાર્યક્રમ દરમિયાન ઉપાચાર્ય દ્વારા આપવામાં આવેલી શબ્દોની સુગ્રથિત માળા વિદ્યાર્થીઓને તેમના કાર્ય માટે બિરદાવી ગઈ હતી.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે સ્વયં શિક્ષકદિનની ઉજવણી



શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં શૈક્ષણીક કાર્ય કર્યું હતું. પ્રિન્સ એચ. શેઠે આચાર્ય અને ચિંતન આર. ભગતે સુપરવાઈઝરની જવાબદારી અદા કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યકમનું માર્ગદર્શન શાળાના શિક્ષક અજીતસિંહ સોલંકી અને સચિનભાઈ પટેલે પૂરું પાડ્યુ હતું. સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયકની કામગીરી શૈલેદ્રસિંહ, કાજલબેને અને પૂજાબેને કરી હતી. શાળાના પ્રમુખ દક્ષાબેન સુથારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. માધ્યમિક વિભાગના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૫

શ્રી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મ દિન શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી શિક્ષકની ભૂમિકા ભજવી એક દિવસનું શિક્ષણકાર્ય ઉપાડી લીધું હતું. આ નિમિત્તે વર્ગ વિદ્યાર્થિનીઓ દ્વારા વર્ગસુશોભન પણ કરવામાં આવ્યું હતું.

શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અનુક્રમે મિતિષા પ્રજાપતિ, હિનલ વાળા, પ્રેમી ગુર્જર અને માધ્યમિક વિભાગમાં અનુક્રમે વિભા પટેલ, સુહાની ઠાકોર અને પ્રાંજલ ગોસાઈ વિજેતા બન્યાં હતાં.

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં શિક્ષક દિનની ઉત્સાહી ઉજવણી



ગાંધીનગર, તા. ૫

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં શિક્ષકદિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. વિદ્યાર્થીઓમાંથી આચાર્ય તરીકે નિમણુંક પામેલા આદિત્ય એમ. પટેલ દ્વારા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનના એક આદર્શ શિક્ષક માટેના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ગત વર્ષની સફળતા બાદ સતત બીજા વર્ષે

# ભવન્સ દ્વારા એકાંકી નાટ્યસ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૫

"કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા" સ્પર્ધાનું સતત બીજા વર્ષે આયોજન અમદાવાદ ખાતે ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસના જે. એ. ઓડીટોરીયમમાં થઈ રહ્યું છે. પ્રથમ ફેરીની સ્પર્ધા તારીખ ૧૨થી ૧૫ સપ્ટેમ્બર ને સવારે ૯ કલાક થી શરુ થશે અને ૨૧ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ કલાકથી અંતિમ ફેરી યોજાશે. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત અને મુંબઈના રંગકર્મીઓ જોડાઈ શકે છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક રંગકર્મીઓ વેબસાઈટ WWW.bcaca.in પર થી ફોર્મ મેળવી શકે છે અથવા ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ,ખાનપુર, અમદાવાદની રૂબરૂ મુલાકાત લઈ શકે છે. આ એકાંકી નાટ્ય સ્પર્ધા માત્ર કોલેજ પૂરતી માર્યાદિત ન રહેતા, કોઈપણ રજીસ્ટર્ડ/અનરજીસ્ટર્ડ સંસ્થા, મંડળ કે વ્યક્તિઓનું જૂથ પણ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. આ સ્પર્ધામાં કુલ રૂપિયા ૧ લાખથી વધુનાં ઈનામો અને વિવિધ ટ્રોફી આપવામાં આવશે.

કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા, વર્ષ-૨માં શ્રેષ્ઠ નાટક ને રૂ.૨૧૦૦૦/- સાથે સ્વ. શ્રી કનૈયાલાલ મુનશી પારિતોષિક, દ્વિતીય શ્રેષ્ઠ નાટકને રૂ.૧૫૦૦૦/- તથા તૃતીય શ્રેષ્ઠ નાટકને રૂ.૧૦,૦૦૦/- રોકડ ઈનામ આપવા માં આવશે. શ્રેષ્ઠ લેખક ને રૂ. ૫૦૦૦/- સાથે સ્વ. શ્રી ચં.ચી.મહેતા પારિતોષિક, દ્વિતીય શ્રેષ્ઠ લેખકને રૂ.૩૦૦૦/- સાથે સ્વ. શ્રી ચિનુ મોદી પારિતોષિક તથા તૃતીય શ્રેષ્ઠ લેખકને રૂ.૨૦૦૦/- સાથે સ્વ. શ્રી રામજી વાણીયા પારિતોષિક એનાયત કરવામાં આવશે. શ્રેષ્ઠ દિગ્દર્શકને રૂ. ૫૦૦૦/- સાથે સ્વ. શ્રી જસવંત ઠાકર પારિતોષિક, દ્વિતીય શ્રેષ્ઠ દિગ્દર્શકને રૂ. ૩૦૦૦/- સાથે સ્વ. શ્રી માર્કન્ડ ભટ્ટ પારિતોષિક તેમજ તૃતીય શ્રેષ્ઠ દિગ્દર્શકને રૂ.૨૦૦૦/- સાથે સ્વ. શ્રી બાપાલાલ રાવલ પારિતોષિક એનાયત કરવામાં આવશે. શ્રેષ્ઠ અભિનેત્રીને રૂ.૫૦૦૦/- સાથે સ્વ. સુશ્રી દીના પાઠક પારિતોષિક, દ્વિતીય શ્રેષ્ઠ અભિનેત્રીને રૂ. ૩૦૦૦/- અને તૃતીય શ્રેષ્ઠ અભિનેત્રીને રૂ. ૨૦૦૦/- રોકડ પારિતોષિક આપવામાં આવશે. શ્રેષ્ઠ અભિનેતાને રૂ.૫૦૦૦/- સાથે સ્વ. શ્રી જયશંકર સુંદરી પારિતોષિક, દ્વિતીય શ્રેષ્ઠ અભિનેતાને રૂ.૩૦૦૦/- અને તૃતીય શ્રેષ્ઠ અભિનેતાને રૂ. ૨૦૦૦/- એનાયત કરવામાં આવશે. શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીને રૂ.૨૦૦૦/- સાથે સ્વ. સુશ્રી અનસુયા સુતરીયા પારિતોષિક, શ્રેષ્ઠ સહાયક અભિનેતાને રૂ.૨૦૦૦/- સાથે સ્વ. શ્રી પી.ખરસાણી પારિતોષિક એનાયત કરવામાં આવશે. ૧૨ વર્ષ નીચેની વયના શ્રેષ્ઠ બાળ કલાકારને રૂ.૧૫૦૦/- સાથે સ્વ. શ્રી ગીજુભાઈ બધેકા પારિતોષિક, સંનિવેશના શ્રેષ્ઠ ઉપયોગ માટે રૂ.૧૫૦૦/- સાથે સ્વ. શ્રી ગોવર્ધન પંચાલ પારિતોષિક, સંગીતના શ્રેષ્ઠ ઉપયોગ માટે રૂ.૧૫૦૦/- સાથે સ્વ. શ્રી રસિકલાલ ભોજક પારિતોષિક, શ્રેષ્ઠ પ્રકાશ આયોજન માટે રૂ.૧૫૦૦/- સાથે સ્વ. શ્રી પી.તુષાર પારિતોષિક, રંગભુષાનો શ્રેષ્ઠ ઉપયોગ કરનારને રૂ.૧૫૦૦/- સાથે સ્વ. શ્રી મેહરૂભાઈ ગોહિલ પારિતોષિક એનાયત કરવામાં આવશે. પ્રાચીન ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિ પર આધારિત નાટકને વિશિષ્ઠ નાટકથી સન્માનિત કરવામાં આવશે તથા રૂ. ૫૦૦૦/- સાથે સ્વ. શ્રી નિમેશ દેસાઈ પારિતોષિક એનાયત કરવામાં આવશે.



ગાંધીનગર, તા. ૫


જાણીતા ઉદ્યોગસાહસિક અને શિક્ષણવિદ ડો.ગીતીકા સલુજા દ્વારા જી. એલ. એસ. યુનિવર્સિટીના બીબીએ શાખાના વિદ્યાર્થીઓ જોડે સંવાદ યોજાયો હતો. આ ઈવેન્ટ નું સંચાલન ડો.બેલુર બક્ષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ માં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડો. ગીતીકાએ બિઝનેસ કરવો એ કોને કહેવાય અને સેલ્ફપ્રિન્યર, ઈન્ટ્રપ્રિન્યર, ફેમપ્રિન્યર એન્ડ પછી બિઝનેસ વ્યક્તિ વચ્ચેના તફાવતને , કન્સેપટને ઊંડાણપૂર્વક સમજાવી વિદ્યાર્થીઓ જોડે ચર્ચા કરી હતી. તેમણે પોતાના કોર્પોરેટ જીવનના અનુભવો, તેમાંથી શીખેલા અગત્યના પાઠ, નિષ્ફળતામાંથી સફળ થવા માટેના ખૂબ જ જરૂરી એવાં મૂલ્યો અને સફળ થવા માટે અથાગ પરિશ્રમ વિષે વાત કરી હતી. ડો. ગીતીકાએ કંપાસ ઓફ સક્સેસ વિષે પણ વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. પ્રોગ્રામના અંતે જી. એલ. એસ. યુનિવર્સિટીના બીબીએ શાખાનાં ડીન ડૉ. અવની દેસાઈએ ડો.ગીતીકા સલુજા પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# ભાડજના હરે કૃષ્ણ મંદિરે આજે રાધાષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા. ૫

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ૦૬, સપ્ટેમ્બર ને શુક્રવારના રોજ શ્રી રાધાષ્ટમી ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. જે શ્રી કૃષ્ણના સર્વોપરી પ્રિયતમાં શ્રીમતી રાધારાણીના અવતરણનો શુભ દિન છે.

જન્માષ્ટમી ઉત્સવ પછીના ૧૫ દિવસના અંતે રાધાષ્ટમી ઉત્સવ આવે છે. વૃંદાવનની બધી ગોપીઓમાં રાધારાણીને મુખ્ય ગોપી તરીકે ખૂબ જ ભાવપૂર્વક પૂજવામાં આવે છે. રાધારાણી એ ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની શુધ્ધ ભક્તિનો સાર છે. કૃષ્ણ ભક્તિ દ્વારા ભક્તો શ્રીમતી રાધારાણી ની




પૂજા કરે છે, પ્રાર્થના કરે છે અને બપોર સુધી ઉપવાસ રાખે છે. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આ દિવસે શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પ્રકારના વસ્ત્રો પહેરાવીને તથા અલંકારો અને સુગંધીદાર પુષ્પોથી શણગારવામાં આવે છે. શ્રી શ્રી રાધા માધવ ના આશીર્વાદ મેળવવા ભક્તો દ્વારા ખાસ સેવા અર્પણ થાય છે. ૧૦૮ પ્રકારના ભોગ અર્પણ કરવા ખાસ તૈયારીઓ પણ કરવામાં આવે છે. આ ઉત્સવમાં ભક્તો દ્વારા શ્રીમતી રાધારાણી માટે ભજન કીર્તન કરવામાં આવે છે જ્યારે સાંજે મહા અભિષેકમ્ અને મહા આરતીનું આયોજન કરવામાં આવેલ છે. સૌ ભાવિક ભક્તોને આ ઉત્સવનો લાભ લેવા મંદિર તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રમૂજી અનુભવો

॥ બીજો મણકો ॥

રાજકુમાર શુક્લ રાજી થયા, પણ તેટલેથી જ તેમને સંતોષ ન થયો. તે તો મને જાતે ચંપારણના ખેડૂતોનાં દુઃખ દેખાડવા માગતા હતા. મેં કહ્યું, 'મારા ભ્રમણમાં હું ચંપારણને પણ લઈશ, ને એકબે દિવસ આપીશ.' તેમણે કહ્યું: 'એક દિન કાફી હોગા, નજરોંસે દેખિયે તો સહી.'

લખનૌથી હું કાનપુર ગયેલો. ત્યાં પણ રાજકુમાર શુક્લ હાજર જ. 'યહાંસે ચંપારણ બહોત નજદીક હૈ. એક દિન દે'દો.' 'હમણાં મને માફ કરો. પણ હું આવીશ એટલું વચન આપું છું,' એમ કહી હું વધારે બંધાયો.


હું આશ્રમમાં ગયો તો રાજકુમાર શુક્લ મારી પૂંઠે જ હતા, 'અબ તો દિન મુકરર કીજિયે.' મેં કહ્યું, 'જાઓ, મારે ફલાણી તારીખે કલકત્તા જવું છે ત્યાં આવજો ને મને લઈ જજો.' ક્યાં જવું, શું કરવું, શું જોવું એની મને કશી ખબર નહોતી. કલકત્તામાં હું ભૂપેનબાબુને ત્યાં પહોંચું તેના પહેલાં તેમણે તેમને ત્યાં ધામો નાખ્યો જ હતો. આ અભણ, અણઘડ પણ નિશ્ચયવાન ખેડૂતે મને જીત્યો.




૧૯૧૭ની સાલના આરંભમાં કલકત્તાથી અમે બે જણ રવાના થયા. બંને સરખી જોડી. બંને ખેડૂત જેવા જ લાગીએ. રાજકુમાર શુક્લ લઈ ગયા તે ગાડીમાં અમે બંને પેઠા. સવારના પટણા ઊતર્યા.

પટણાની આ મારી પહેલી મુસાફરી હતી. પટણામાં હું કોઈને ઘેર ઊતરી શકું એવી ઓળખાણ કોઈની સાથે મને નહોતી. મારા મનમાં એમ હતું કે, રાજકુમાર શુક્લ જોકે અણઘડ ખેડૂત છે છતાં તેમને કંઈ વગવસીલો તો હશે જ. ટ્રેનમાં મને તેમની કંઈક વધારે ખબર પડવા લાગી. પટણામાં પોત કળાઈ ગયું. રાજકુમાર શુક્લની બુદ્ધિ નિર્દોષ હતી. તેમણે જેમને મિત્ર માન્યા હતા તે વકીલો તેમના મિત્ર નહોતા, પણ રાજકુમાર શુક્લ તેમના વસવાયા જેવા હતા. ખેડૂત અસીલ અને વકીલોની વચ્ચે તો અંતર ચોમાસાની ગંગાના પહોળા પટ જેટલું હતું.

મને તે રાજેન્દ્રબાબુને ત્યાં લઈ ગયા. રાજેન્દ્રબાબુ પુરી કે ક્યાંક ગયા હતા. બંગલે એકબે નોકર હતા. ખાવાનું કંઈક મારી સાથે હતું. મારે ખજૂર જોઈતું હતું તે બિચારા રાજકુમાર શુક્લ બજારમાંથી લાવ્યા.



પણ બિહારમાં તો છૂતાછૂતનો રિવાજ સખત હતો. મારી ડોલના પાણીના છાંટા નોકરને અભડાવે. નોકર શું જાણે કે હું કઈ જાતનો હોઈશ. અંદરના પાયખાનાનો ઉપયોગ કરવાનું રાજકુમારે બતાવ્યું. નોકરે બહારના પાયખાના તરફ આંગળી ચીંધી. મને આમાં ક્યાંયે મૂંઝાવાનું કે રોષનું કારણ નહોતું. આવા અનુભવોમાં હું રીઢો થયો હતો. નોકર તો પોતાનો ધર્મ પાળતો હતો, ને રાજેન્દ્રબાબુ પ્રત્યેની પોતાની ફરજ બજાવતો હતો. આ રમૂજી અનુભવોમાંથી રાજકુમાર શુક્લ વિશે જેમ મારું માન વધ્યું તેમ તેમને વિશે મારું જ્ઞાન પણ વધ્યું. પટણાથી મેં લગામ હાથ કરી.

સૌજન્ય : સત્યના પ્રયોગો